સર્ગ ૨

# વિધિનો માર્ગ અને દુઃખની સમસ્યા

નાકેર નિર્માણ ઉપર નારદજીના મૌને મુદ્રાછાપ મારી. ભાગ્યનો ભગવાન પોતે જ એને બદલવા ન ચાહે ત્યાં સુધી બીજી કોઈ શકિત એને અન્યથા કરવાને સમર્થ નથી. પણ ભાગ્યનિર્માણની વિરુદ્ધ પ્રશ્ન કરતો એક અવાજ ઊઠયો. માને હૃદયે ભાગ્યનિર્ણયિક શબ્દ સાંભળ્યો હતો. તે હવે પોતાની પ્રેમપાલિત પુત્રીના આત્મા ઉપર સીસા-ભારે હાથ મુકાતો સંવેદવા લાગી, ને સામાન્ય કક્ષાનાં મનુષ્યોની માફક કાળ-જાયાંના કલેશને વશ થઈ ગઈ. એ નિશ્ચલ બેઠેલા ઋષિ તરફ વળી, ને દૈવની અકળ ગતિને પૃથ્વી જે પ્રશ્ન પૂછે તે તેણે એમને પૂછયો. બાહ્ય ચેતનામાં રહેતા જગતના હૃદયમાં રહેલા દુઃખને ને દૈવની વિરુદ્ધ ઊઠતા મનુષ્યના બળવાને એણે વાચા આપી :

"ઋષિરાય! આ બધા દુઃખશોકની દૃઢ દૈવરૂપ ધારતી ક્રૂર રહસ્યમયતા કયાંથી ઉદ્‌ભવી છે? આ નિષ્ઠુર નિયમ શું તમારા પ્રભુએ બનાવ્યો છે? કે પછી પ્રભુને નિઃસહાય બનાવી દેતી કોઈ દારુણ દાનવી શકિતએ? જીવનના જૂઠા આરંભમાં માનવ મનનો મહારોગ ઊભો થયો અને એણે સહજ ભાવથી સરળ રીતે ચાલતાં પશુઓનાં કર્મોને શુભાશુભનાં વિકૃત રૂપ આપ્યાં છે અને સહજ સ્ફુરણાની સલામતી લઈ લીધી લાગે છે. અમારું જીવન પીડા ને પોકાર સાથે જન્મ્યું છે; વિકાસ પામી રહેલા જીવમાંથી સત્ય અને મુકિત લોપ પામ્યાં છે; હજારો અનિષ્ટોનાં આક્રમણ થયાં છે ને સૌનું સ્વાભાવિક સુખ સમાપ્ત થઈ ગયું છે. હવે અમારે કાળના કરવેરા ને દૈવનાં દાપાં ચૂકવવાં પડે છે. અનેક પ્રકારના રોગદોગ અમારા દેહોને દમતા રહે છે, યાતનાઓના માઠા અનુભવો કરાવે છે ને અંતે અમને મૃત્યુને હવાલે કરી દે છે.

વળી અમે પોતે જ અમારી અંદર અમારા વેરીઓની આગતાસ્વાગતા કરતા બની ગયા છીએ. અમારી જીવનવીણાના તાર તેઓ તોડતા જાય છે ને છેવટે એક કરુણ ચીત્કાર સાથે અમારા સ્વર્ગીય સંગીતનો અંત આવી જાય છે. અમારી સત્સંપત્તિ અમે વિના વિચાર વેડફી મારીએ છીએ, જીવનનાં આશ્ચર્યો ચૂકી જઈએ છીએ. માણસને મળેલી બક્ષિસોને માથે જાણે મહાશાપ છે. ભૂલો, જૂઠાણું અને પાપ અમને પજવતાં જ રહે છે. એમને હાથે અમારા આનંદોનો અંત આવી જાય છે. પુણ્ય પણ અમારે માટે કેદખાનું બની જાય છે. પગલે પગલે અમને પકડી લેતી

જાળ બિછાવાઈ છે. અજ્ઞાનમાં અમારાં મૂળ નંખાયાં છે. સૈકાઓએ માણસની મૂર્ખતાઓ ને અપરાધોના ઢગ પર ઢગ ખડક્યા છે. માણસ પોતાનાં પૂર્વનાં કર્મોનો દુર્વિપાક લણતો જ રહ્યો છે. આ મર્ત્ય જીવ પોતે જ પોતાનો ખરાબમાં ખરાબ દુશ્મન છે. એણે જે પદાર્થવિજ્ઞાન મેળવ્યું છે તે પણ એના સર્વનાશનું શિલ્પકાર્ય કરે છે. સ્વજાતિનું સત્યાનાશ વાળવા એ પૃથ્વીને લૂંટે છે, પોતાના તેમ જ પરાયાઓના હર્ષને હણે છે. કાળ ને ઇતિહાસ પાસેથી એ કશું શીખ્યો નથી. પોતાની જંગલી અવસ્થાની પરુષતા અને દુષ્ટતા અત્યારેય એ રાખી રહ્યો છે. યુદ્ધ, ખુનામરકી, લૂંટફાટ, આગ ને અત્યાચાર હજીય એના વિનોદો છે. હજારો વર્ષોના પરિશ્રમે જે સુંદર મહિમાધામો ઊભાં કર્યાં છે તેમને તેની મૂર્ખતાની એક ઘડી ખેદાનમેદાન કરી નાખે છે. માનવની ઇચ્છાશકિત મૃત્યુ, કાળ અને કમભાગ્યની સાથે કાવતરામાં ભળી જાય છે. એની જન્મોની ઘટમાળાએ પણ કોઈ ઉચ્ચ પરિણામ આણ્યું નથી. કલ્પોના કાળચક્રમાં એનું જીવન કારાવાસી બનેલું છે. એના બધા ફેરા ફોગટ જાય છે.

અમે અહીં શા માટે આવ્યાં હશું? જો પરમાનંદ કે અપૌરુષેય શાંતિ જ અમારું લક્ષ્ય હોય તો આ બધું શા માટે? અમારે જીવન જીવવાનું જ હોય તો અજ્ઞાનની ને અશ્રુઓની શી જરૂર હતી? દુ:ખશોક ક્યાંથી આવ્યાં? કે એમને એમ જ એ આવી પડયાં? અમર આત્માને જન્મ લેવાની કોણે ફરજ પાડી? એના આનંદમાંથી કોણે એનો અધ:પાત કર્યો? પોતાના અમૃતત્વના હકને છોડી દેવાની મતિ કોણે એને આપી? શું કોઈ મહામાયાએ તો તારકમંડળ રચ્યું નથી ને? તો પછી આત્માની સુરક્ષા શામાં રહેલી છે? કે પછી આંધળી ગલીઓમાંથી એ કદીય બહાર નીકળી શકવાનો નથી? અસત્ય સૂર્યોના પરિભ્રમણમાં એનું ક્યાંય સ્થાન છે? કદાચ આત્મા કહી જેને અમે સંવેદીએ છીએ તે સ્વપ્નમાત્ર છે ને સનાતન બ્રહ્મ સમાધિગમ્ય કપોલકલ્પિત કથા છે."

નારદ થોડી વાર ચૂપ રહ્યા. એમના દૈવી કપાલ પર ત્રિકાલદર્શનનું પ્રભાત પ્રકાશ્યું ને એ મર્ત્ય લોકની વૈખરી વાણીમાં બોલ્યા :

"તો શું રાત્રિ છે માટે સૂર્ય એક સ્વપ્નું છે? મર્ત્યના હૃદયમાં સનાતન પુરુષનો ગુપ્ત નિવાસ છે. તારા અંતરાત્માની ગહન ગુહામાં એ રહેલો છે. તારી ને એની વચ્ચે અંધકાર આડે ઊભો છે તેથી જ તું એ અદ્‌ભુત અતિથિને સાંભળી કે સંવેદી શકતી નથી; પરમાનંદના પ્રભાકરને જોઈ શકતી નથી. રાણી! તારો વિચાર એટલે અજ્ઞાનની જ્યોતિ. એનો ઝગમગતો પડદો પ્રભુના મુખને અવગુંઠિત કરી દે છે. તારું મન શાશ્વતના સંકલ્પને સંતાડે છે, તારા હૃદયની આશાઓ સનાતનની ઇચ્છાને, તારાં પાર્થિવ સુખો અમૃતસ્વરૂપના આનંદને સંતાડે છે. સૂતેલાને જગાડવા માટે દુ:ખની જરૂર ઊભી થઈ છે. જ્યાં અજ્ઞાન છે ત્યાં દુ:ખ આવવાનું જ. સુખ અને દુ:ખ જોડિયાં જન્મ્યાં છે, પણ પ્રથમ થયો છે દુ:ખનો જન્મ ને તે પછી જ સુખનો જન્મ સંભવ્યો છે. દુ:ખ છે દેવોનો ઘણ. મર્ત્યના હૃદયની પાષાણી જડતાને એ

તોડે છે, આત્મચેતનને જગાડે છે અને જાગેલું ચેતન તે પછી જ્યોતિના સૂર્ય પ્રતિ આરોહતાં શીખે છે.

પૃથ્વી હજી પ્રસવપીડામાં છે. સૈકાઓ વીતી ગયા છે, પણ હજી દેવાત્માનો જન્મ થયો નથી. પણ એ પુરાણી માતા સહર્ષ સર્વ સહન કરી રહી છે. પીડા ને પરિશ્રમ સાથે સર્વે સર્જનો થાય છે. યાતનાઓ વેઠી દેવો દિવ્ય જીવનને માટે મર્ત્ય રૂપો તૈયાર કરી રહ્યા છે. પણ ઘોર ગર્તોમાંથી પાપબળો જાગે છે, મનુષ્યનું અજ્ઞાન અને હઠીલું બળ અંતરાયો નાખે છે, મનની મૂર્ખતા અને હૃદયની અંધ અનિચ્છા વિરોધમાં પડે છે. આ સર્વનો સામનો કરી પૃથ્વી ઉપર પ્રભુના સંકલ્પને પાર પાડવાનો છે. પ્રભુના જન્મને માટે જગા કરી આપવા માટે માણસોને મૃત્યુ વહોરવાનું છે. એક અદ્દ્ભુત મૌન અનિષ્ટકર્તા કાળની ઉપર આંખ રાખી રહ્યું છે.

પ્રકૃતિના હાથ માણસને મહિમાવંતો બનાવવાના કામે લાગેલા છે; દિવ્ય નિર્દયતા અનિચ્છુ જડતા ઉપર ટાંકણું ચલાવી રહી છે. વિશ્વકર્માઓ પોતાની પસંદગી પામેલાઓને પ્રહારો કરી ઘડે છે. આગ્નેય આત્માઓ આ પ્રકારે બલિષ્ઠ બને છે, દુ:ખમાંથીય તેઓ આનંદનો અર્ક ખેંચે છે પોતાની જાતનું જ જે પરિત્રાણ શોધતો હોય છે તેણે બધા વાઘા ઉતારી શાંતિમાં સ્થિર થવાનું છે. જે જાતિને બચાવી લેવા માગતો હોય છે તેને જાતિના દુ:ખમાં ભાગ પડાવવો પડે છે. જગદુદ્ધારકોને જગતના શોક-દુ:ખના ઝૂંસરી ઉઠાવવી પડે છે, માનવજાતિના ભાગ્યનો ભાર માથે લેવો પડે છે. પોતાના પ્રાણને સાટે તેમને જ્ઞાનદાન કરવાનું હોય છે.

માનવીનો પુત્ર બનીને જન્મેલો પ્રભુનો પુત્ર કડવો પ્યાલો પીએ છે, પ્રભુનું ઋણ પોતાને માથે લઈ લે છે, દેવત્વના દાવાની ભરપાઈ કરે છે. જે સર્જનહાર છે તે દુ:ખના ને મૃત્યુના નિયમની નીચે આવે છે. અવતારી ઈશ્વરની ઉપર દંડનો પ્રહાર થાય છે. એનો પ્રેમ મનુષ્ય માટે સ્વર્ગનો માર્ગ રચે છે. મર્ત્ય અજ્ઞાનના કાળા હિસાબને ચૂકવવા માટે એ પોતાના પ્રાણ અને પ્રકાશ આપે છે. જગતને માટે શહીદ બનેલું પ્રભુનું શરીર બલિદાનમાં અપાય છે. એને ક્રોસ ઉપાડવો પડે છે. એની ઉપર પામર લોક શાપ વરસાવે છે, અપમાન અને ઉપહાસ એના હકનો સત્કાર કરે છે, એની સાથે મરાયેલા બે ચોર પણ એના મૃત્યુનો ઠઠ્ઠો કરે છે.

પ્રભુ સાથે જેણે અદ્વૈત સાધ્યું છે તે આત્માની અસીમ જ્યોતિને સાટે દેહનું મૃત્યુ મૂલ્યમાં આપે છે, અને એના મૃત્યુ દ્વારા અમર જ્યોતિનો વિજય થાય છે. ક્રોસ ઉપરથી એનો અવાજ આવે છે: "હું પ્રભુસ્વરૂપ છું." ઊર્ધ્વ ધામનો અમર નાદ જવાબમાં ગાજે છે: "હા, હા, સર્વ પ્રભુસ્વરૂપ છે." મર્ત્ય હૃદયોમાં પ્રભુનું બીજ પોઢી રહ્યું છે, વિશ્વના વૃક્ષ પર પ્રભુનું પુષ્પ થાય છે, નિજાત્મામાં અને વસ્તુમાત્રમાં સર્વે પ્રભુને પ્રાપ્ત કરશે. પણ પ્રભુનો દૂત જ્યારે જગતને સહાય કરવા ને માનવ જીવને ઉચ્ચતર વસ્તુઓ પ્રત્યે દોરી જવા માટે આવે છે ત્યારે જે ઝૂંસરી ઉતારવા માટે એ આવ્યો હોય છે તે ઝૂંસરી એને પોતાને ઉપાડવી પડે છે, જે

દુઃખ મિટાવવાનું કામ એનું બનેલું હોય છે તે દુઃખ એને પોતાને વેઠવાં પડે છે. કેમ કે જે અનિષ્ટો એણે પોતે અનુભવ્યાં નથી તેમને તે કઈ રીતે દૂર કરી શકવાનો હતો? એની સ્થિરતા વિશ્વની મહાવેદના ઉપર છવાઈ જાય છે અને બહારથી ન દેખાવા છતાં એની શાંતિ વિદીર્ણ હૃદયોને મળી હોય છે. સમસ્ત દુઃખદલિત જગતને એ પોતાના હૃદયમાં લઈ લે છે, જગતનો પાપભાર એના વિચારો પર તોળાય છે, જગતનું દુઃખ એના દિલનું દુઃખ બની ગયું હોય છે, પૃથ્વીનો પુરાણો બોજો એના આત્મા પર લદાઈ જાય છે. રાત્રિના ઘેરામાં એને રહેવું પડે છે, અસુરોની આકરી પકડ એની પર ચપસાય છે, દુનિયાની દુષ્ટતા એની પર પ્રહારો કરે છે, એનું હૈયું હજારો ઘાથી વકસાય છે. વિશ્વની યાતનાઓ એના પ્રેમની અગાધતાને ભરી દે છે. એનાં અંગરખાં લોહિયાળાં લાલ બની જાય છે, જગતનું ઝેર એને નીલકંઠ બનાવી દે છે. એના યજ્ઞમાં એ પોતે જ બલિદાન બને છે. જગત નવે જન્મે જીવે એ માટે એ મરે છે.

કેવળ કઠોર બલિદાનથી જ ઉચ્ચ સ્વર્ગોની પ્રાપ્તિ થાય છે. યુદ્ધોમાં ઝૂઝી ને યંત્રણાઓ વેઠી નરકાલય જિતાય છે. પ્રભુનાં કાર્યોને વિકૃત બનાવતાં જે કાળાં ઝેરવેર છુપાઈ રહેલાં છે તેમને ઝબે કર્યા વગર પૃથ્વી પર શાંતિ આવવાની નથી. એ વિરોધી બળો બહારથી તો દેખાતાં નથી, પણ તેમ છતાં એમનું કારમું કાર્ય તો ચાલી રહેલું જ હોય છે. એ દુર્મુખો દિવ્ય શબ્દના સંદેશા આવવા દેતાં નથી, પ્રકાશને એ પ્રચ્છન્ન કરી દે છે, સનાતનના સંકલ્પ સામે પડે છે, કાનમાં કાળી ભંભેરણી કરતાં રહે છે. જ્ઞાનની આંખને, આત્માની દૃષ્ટિને એ સીલબંધ બનાવી દે છે. એ જ સઘળા અનર્થોનું મૂળ છે. એમને જીત્યા વગર કોઈ પરમાત્મશાંતિને નીચે લાવી શકતું નથી. ઉચ્ચતર ભાવિનો ભોગ આપવો ન હોય તો માનવ હૃદયમાં ગુપ્ત રહેલા શત્રુઓને નિર્મૂળ કર્યા વિના ચાલતું નથી. આ આંતર યુદ્ધમાંથી કોઈ અભીપ્સુ છટકી શકતો નથી.

આમ વિશ્વોદ્ધારકનું કામ ભારે ને મુશ્કેલ બનેલું છે. જેનો ઉદ્ધાર કરવા એ આવેલો હોય છે તે જગત પોતે જ એને ઝેરીલી નજરથી જુએ છે. જેમને એ બચાવતો હોય છે તે જ એના દુશ્મન બની જાય છે. એ જે મહસોનો મુગટ લાવ્યો હોય છે તેને સાટે એને ક્રોસે ચડવું પડે છે. આવા ઉદ્ધારકો આવે છે, એમને હાથે થોડાકનો ઉદ્ધાર પણ થાય છે, છતાં બાકીના બધા બાથોડિયાં જ ભરતા રહે છે ને સફળ થતા નથી. ઉદ્ધારક એક અજબ સૂર્યની માફક આવીને પસાર થઈ જાય છે ને પૃથ્વી ઉપર પાછા રાતના ઓળા ઊતરે છે.

પરમાત્મદેવના સૂર્ય પાસે જવા માટેના વધારે સુખદ માર્ગોય છે ખરા, પરંતુ જેઓ અંતરાત્માના પવિત્ર છે તેઓ જ પ્રકાશને પંથે ચાલવાને સમર્થ છે. થોડાક માણસો દુઃખમાંથી, અંધકારમાંથી ને શૃંખલામાંથી છટકી જવાનો મુશ્કેલ માર્ગ લે છે, પણ મોક્ષ પામેલા એવા થોડાક શી રીતે મોક્ષ આપશે? છટકી જનારાને હાથે જગતના

જીવનનો ઉદ્ધાર થતો નથી, એમ પ્રભુનો વિજય આવતો નથી, પ્રભુનું રાજ્ય સ્થાપી શકાતું નથી.

પરંતુ તેમ છતાંય એક આવશે : એણે દિવ્ય કવચ ધાર્યું હશે ને એને કોઈ જીતી શકશે નહિ, જગતના પ્રહાર એને નમાવી શકશે નહિ. કાળ રાત્રિમાં એનાં પ્રશાંત ને પ્રતાપી પગલાં મંડાશે. ધીર ગતિએ એ અંધકારમાં થઈ આગળ ચાલશે ને રાત્રિના આકર્ષક અવાજો તરફ એ વળશે નહિ. ક્ષુદ્ર દેવતાઓને એ સહાય માટે નહિ બોલાવે. પરમોચ્ચ લક્ષ્યે લઈ જતા મુશ્કેલ માર્ગ પરથી એ તસૂય ચસકશે નહિ. સ્વર્ગને ને પૃથ્વીને એ સાધન બનાવશે, ને છતાંય ઉભયની મર્યાદાઓમાંથી એ મુક્ત રહેશે. જીવનને એ પકડમાં લેશે.

એ છે પોતાના હૃદયનો ઈશ્વર. અચિત્‌નાં ઊંડાણો એણે ભેદ્યાં છે. એની દૃષ્ટિએ નારાયણની નિદ્રાને જગતો બનાવતી જોઈ છે. ગર્તોમાં એણે જ્યોતિઓ આણી છે, કેમ કે તેમનાં વિના પરમસત્ય જડતાની નિદ્રાને જીતી શકે એમ નથી. આખી પૃથ્વીને એ પ્રભુનાં નયનોથી જોતી બનાવવા માગે છે. પરમાત્માના સૂર્યનો એને પરિચય છે, પણ હવે પરમાત્માની રાત્રિનોય એને પરિચય મેળવવાનો છે. જગતનો ઉદ્ધાર કરવા માટે નરકના પ્રદેશોમાંય એને પ્રયાણ કરવાનું છે. બધાં જ ભુવનોનું જ્યાં મિલન થાય છે ત્યાં આવેલી સરહદ ઉપર એને સર્વે વિરોધોનું સમાધાન સાધવાનું છે, દુ:ખને આનંદનું રૂપ આપવાનું છે, શોકને સંમુદાની ગોદમાં મૂકવાનો છે, અશુભને શુભમાં પલટાવી નાખવાનું છે, પીડાની પ્રથાનો અંત આણવાનો છે.

ત્યાર બાદ પૃથ્વી પ્રકાશનું ધામ બની જશે, માનવ હૃદયમાં દિવ્ય દ્રષ્ટાનાં દર્શન થશે, સત્ય ચૈતન્ય પૃથ્વી ઉપર ઊતરી આવશે, જડતત્ત્વ ઉપર આત્મપ્રકાશનું આક્રમણ થશે, મૌનને અમર વિચારનું ભાન થશે, મૂક હૃદય જીવંત શબ્દ પ્રત્યે જાગ્રત થશે, મર્ત્ય જીવન શાશ્વતતાના સુખનું સદન બની જશે, શરીરને અમૃતત્વનો આસ્વાદ મળશે; અને આવું થશે ત્યારે જ વિશ્વોદ્ધારકનું કાર્ય પૂર્ણાહુતિ પામશે.

ત્યાં સુધી હે મર્ત્ય ! દુ:ખના મહાનિયમને નિભાવી લે. પરમાત્માની મહાશક્તિને તારા આત્માનો આશ્રય બનાવ. પરમ સત્ય પ્રત્યે વળ, પ્રેમ માટે પ્રાર્થના કર, શાંતિનું આવાહન કર. તારા નિત્યના જીવનને એક દિવ્ય યાત્રાનું રૂપ આપ : કેમ કે ક્ષુદ્ર હર્ષો અને શોકો હોવા છતાંય તું પ્રભુની પ્રત્યે પ્રયાણ કરી રહેલો છે. પરંતુ સાવધાન ! જોખમ ભર્યો રસ્તો લઈ તું પ્રભુ પ્રત્યે ઉતાવળ કરતો નહિ. અનામી અનિષ્ટ બળો માટે બારણાં ઉઘાડતો નહિ. ભૂલેચૂકેય આસુરી માર્ગ લેતો નહિ : કેમ કે અસુર સંકલ્પપૂર્વક ધર્મની વિરુદ્ધ મોરચા માંડે છે, પોતાના મહાબળના અભિમાનથી સત્યના માર્ગ અવરોધે છે. બ્રહ્માંડનું બધું જ એ પોતાનું આગવું બનાવી દેવા માગે છે. એનું ‘ હું ’ સારા સંસારને ગળી જવા માટે છે. પોતાનાં તેમ જ

પારકાં દુ:ખોને એ પોતાનું સાધન બનાવે છે. મૃત્યુ ને પરપીડન પર એ પોતાનું સિંહાસન માંડે છે. પોતાના ક્ષુદ્ર સ્વરૂપને એ પ્રભુનું સ્થાન આપે છે.

પ્રભુની રાત્રિમાં ઝંપલાવતો નહિ. હે મર્ત્ય! સહન કરી લે, પણ પ્રહારને નિમંત્રતો નહિ. અનંતતા તારા આત્માનું લક્ષ્ય છે. તને જેનું ભાન નથી એવી એક શકિત તારામાં છે. તું છે બંદી સ્ફુલિંગનું ભાજન, ને જ્યાં સુધી તું એ સ્ફુલિંગને પૂરી રાખશે ત્યાં સુધી છે તારી પીડા. સનાતન ને મુકત બનેલા એ દેવતાનો મુકુટ છે મહાનંદ. દુ:ખ એ અજ્ઞાને મારેલું મતું છે, ને જીવને ઇનકારેલા છૂપા દેવનું એ છે પ્રમાણપત્ર. જીવન જ્યાં સુધી પ્રભુને પામતું નથી ત્યાં સુધી દુ:ખનોય અંત આવી શકતો નથી. શાંતિ છે પ્રારબ્ધ ઉપર મેળવાયેલો આત્માનો વિજય. સહન કરી લે, આખરે તને પરમાનંદનો માર્ગ મળશે. જીવનનો ગુપ્ત સાર છે આનંદ. દુ:ખના પોકાર પાછળ એ છૂપો રહેલો છે. તારું બળ પ્રભુનું બળ બની ગયું નથી, તું તારા ક્ષુદ્ર સ્વરૂપમાં રહે છે ને પ્રભુમય બનવાનું ભૂલી જાય છે તેથી તારા દેહાભિમાનને દુ:ખ થાય છે. બહારના આભાસોમાં રહી તું પ્રભુના આનંદમય સ્વરૂપથી વંચિત થાય છે. તારા આત્માનું બળ તને પ્રભુ શું એક બનાવશે, તારી વેદના મહામુદામાં ફેરવાઈ જશે, ઉદાસીનતા અનંતની શાંતિનું સ્વરૂપ લેશે અને કેવળબ્રહ્મનાં શિખરો પર પરમાનંદ સાટ્ટહાસ નગ્ન નૃત્ય કરશે.

હે મર્ત્ય! મૃત્યુની ને દૈવની સામે ફરિયાદની જરૂર નથી. તેં પોતે જ તેમને આમંત્રી આણ્યાં છે. એકવાર તું અમર આત્માની અનંતતામાં હતો. તારો નિવાસ હતો પરમ સત્યમાં, પરમ ચૈતન્યમાં ને પરમ જ્યોતિમાં. કુતૂહલવશ થઈ તું જ ત્યાંથી અવિદ્યાના અંધકારમાં ઝંપાપાત કરીને ઊતર્યો છે. પૂરેપૂરા વિપરીતમાંય પરમાત્માનો સમાગમ સાધવાની ઇચ્છાને તેં અમલમાં મૂકી છે.

સનાતન ચેતનાએ જ સર્વસમર્થ અચિત્‌નું રૂપ લીધું છે. એનાથી આકર્ષાયેલો જીવ ગર્ત તરફ ઝૂકયો ને અમૃતથી વિમુખ થયો. જોખમે એનું વશીકરણ કર્યું. દુ:ખશોકનું નાટક ભજવવાની એનામાં ઝંખના જાગી. યુદ્ધ, સંઘર્ષ, વિનાશ, ભાંગફોડ, દયા, પ્રેમ, આવેગ અને સંદિગ્ધ ભાગ્ય એના નાટકની વસ્તુ બની ગયાં. અને એ ઊતર્યો, ભીમકાય પતન થયું.

આ પ્રમાણે એક અંધ પસંદગીમાંથી આ મૂઢ અને અસંતુષ્ટ જગત જન્મ્યું ને અજ્ઞાનનો અડ્ડો બન્યું, દુ:ખનું ધામ બન્યું. કામનાના ત્યાં તંબૂઓ તણાયા છે. શોકનાં થાણાં નંખાયાં છે. એક વિરાટ છદ્મવેશ સનાતનના આનંદને છુપાવી રહ્યો છે."

પછી અશ્વપતિએ નારદને ઉત્તરમાં કહ્યું :

"તો શું આત્મા ઉપર બહારના જગતનું જ રાજ્ય ચાલવાનું? ઋષિરાય! અંતરમાં રહ્યો હોય એવો એનો કોઈ ઉપાય નથી? વિશ્વશકિત દ્વારા લાંબે ગાળે પાર પડતો આત્માનો પોતાનો જે સંકલ્પ તે જ શું પ્રારબ્ધ નથી? હું તો એવું

સમજતો હતો કે સાવિત્રી એક અત્યંત ઓજસ્વી શકિત લઈને આવેલી છે. શું એ શકિત દૈવની સાથે સરસાઈ કરી શકે એટલી મહાન નથી ?"

પણ સત્યને સત્યથી છુપાવતા નારદ બોલ્યા : "તમારાં યાદૃચ્છિક પગલાં ને સ્ખલનો—એકેએક પૂર્વદૃષ્ટ હોય છે. દેવોના હાથમાં દોરતી દોરી રહેલી છે. પરમ ધામનો વધારે જ્ઞાનવાન પ્રેમ માનવ પ્રાર્થનાને નકારે છે. માનવ કામનાની ફૂંકથી એ અંધ બની જતો નથી. ભયનાં ને આશાનાં ધુમ્મસો એને છાવરી શકતાં નથી. પ્રેમ અને મૃત્યુના સંઘર્ષ ઉપર એ ઝૂકી રહ્યો છે. તારી પુત્રીનો આત્મા એક અલૌકિક મહિમાનું ધામ છે. પોતાને તેમ જ આસપાસના સર્વને એ રૂપાંતર પમાડી શકશે. મનુષ્યને માટે દુઃખ ભોગવવાની જે જરૂર છે તેમાં એને પણ ભાગ પડાવવો પડશે.

મર્ત્ય મનુષ્યનું મન શબ્દોથી દોરાય છે. દૃષ્ટિ વિચારની ભીંત પાછળ ચાલી જાય છે ને માણસ અધખૂલાં બારણાંમાં થઈને જ જુએ છે. અલ્પ અંશ જ એની નજરમાં આવે છે પણ તેને એ આખી વસ્તુ માની બેસે છે. સર્વજ્ઞ શકિતની સળંગ યોજનાના અંકોડા એને અર્થહીન લાગે છે. વૈશ્વ સત્યનાં મુકત પગલાંમાં અકાળની કાળમાં કાર્ય કરી રહેલી ઇચ્છા એને કઠોર યંત્ર જેવી કે અર્થહીન પ્રારબ્ધ જેવી ભાસે છે. એક અલૌકિક જાદૂગરે જડદ્રવ્યના નિયમો બનાવ્યા છે ને એ છે ત્યાં સુધી બધું એનાથી બંધાયેલું છે. પ્રત્યેક કર્મને પુરુષની અનુમતિની આવશ્યકતા રહે છે, અને મુકિત પણ નિયમ સાથે કદમ માંડતી ચાલે છે. આ જાદૂગર પોતે ચાહે તો અહીંનું બધું બદલાઈ શકે છે. માણસની ઇચ્છા પ્રભુની ઇચ્છા સાથે એકાકાર કરી શકાય, માણસનો વિચાર પ્રભુના વિચારનો જ પડઘો પાડે તો માણસ પણ સર્વજ્ઞ અને સર્વશકિતમાન બની જાય.

પરંતુ અત્યારે તો એ પ્રકૃતિની શંકાસ્પદ પ્રભાનાં કિરણોમાં ચાલે છે, પણ તેમ છતાંય જો એનું મન પ્રભુના પ્રકાશને ઝીલી શકે ને એનું બળ પ્રભુના પ્રભાવથી સંચાલિત કરી શકાય તો માણસ પણ ચમત્કારો કરતો ચમત્કાર બની જાય, પ્રકૃતિનો પ્રભુ પણ બની શકે.

હવે સત્યવાનને મરવાનું તો નક્કી છે જ, એના મરણની ઘડી ને પડનાર ઘા પણ નક્કી જ છે. આ સિવાયનું અન્ય જે કંઈ થવાવાળું છે તે સાવિત્રીના આત્મામાં આલેખિત થયેલું છે. પરંતુ ભાગ્યનિર્ણાયક ઘડી ન આવે ત્યાં સુધી એ લખાણ અણઊકલ્યું રહેશે. ભાગ્ય એટલે અવિદ્યામાં સંસિદ્ધ થવા માટે કાર્ય કરી રહેલું સત્ય. રાજન્ ! તારું ભાગ્ય એટલે પ્રકૃતિ ને તારા ચૈત્ય આત્માની વચ્ચે ચાલી રહેલો વ્યવહાર. પ્રભુ ત્યાં પહેલેથી જ બધું જોઈ લેનાર મધ્યસ્થ નિર્ણાયક છે. ભાગ્યને ચોપડે જમા ખાતે ચઢાવેલી પુરાંત રકમ તે પ્રારબ્ધ. માણસ એનો સ્વીકાર કે અસ્વીકાર કરી શકે છે, અને એ પણ ચોપડે ચઢશે. દુર્દૈવ કંઈ અંત નથી, મરાયેલી ગૂઢ સીલ નથી. જીવનનો સર્વનાશ, દેહની યંત્રણા અને મરણ,—એમાંથી ઊઠેલો

આત્મા પરાજયથી બાલવત્તર બને છે; એની નિષ્ફલતાઓ વિજયમાં ઉપસંહાર પામે છે.

જીવનમાં આવતાં સુખદુ:ખ, એ કંઈ આપણું ભાગ્ય'નથી; એ તો આવે છે ને જાય છે. મૃત્યુ સુદ્ધાં આત્માની યાત્રાનો અંત આણી શકતું નથી. આપણું જીવન છે દેવોનો મહાયજ્ઞ, અને જ્યાં સુધી આપણે અંતરમાંના પ્રભુ સાથે એકાકાર બનતા નથી ત્યાં સુધી એ ચાલ્યા જ કરે છે. જડતત્ત્વમાંથી અકાલ આત્માએ જતાં અદૃશ્ય વિરોધી શક્તિઓ સામે જે યુદ્ધો ખેલવાં પડે છે તે તારા જીવનું દૈવ છે. સૃષ્ટિના સાહસ માટે ઊતરી આવેલો આત્મા અનેકાનેક જન્મોમાં થઈ, અનેકાનેક શતકોમાં થઈ, જીવનની લીલી સૂકીઓમાં થઈ, ધૂળના ઢગો ને કાદવનાં કળણોમાં થઈ, ભયો ને જીવલેણ જોખમોમાં થઈ ધ્યેય-ધામ પ્રત્યે આગેકદમ કરતો રહે છે. માર્ગમાં એને અંધારાં અજવાળાં ઉલેચવાં પડે છે, પણ પડતો, આખડતો ને પાછો ઊઠતો એ આગળ ચાલે છે ને આરોહતો આરોહતો આખરે પ્રભુના દેદીપ્યમાન શિખરો પર જઈ ઊભો થાય છે. સત્યવાન માટે તું નકામો શોક કરે છે. એનું મૃત્યુ મહત્તર જીવનનો આરંભ છે. મૃત્યુ એ આત્માને મળેલો મોટો અવસર છે.

એક ભવ્ય ઉદ્દેશે આ બે આત્માઓને નિકટમાં આણ્યા છે. માન કે પ્રેમે અને મૃત્યુએ મળીને એક મહાન લક્ષ્યને સિદ્ધ કરવા માટે રચેલું આ એક ષડ્યંત્ર છે. ભયમાંથી ને દુ:ખમાંથી સ્વર્ગીય સર્વોત્તમ સુખનો સાક્ષાત્કાર થશે. પ્રભુની આ રહસ્યમયી યોજના છે. ખ્યાલમાં રાખ કે એક સચેત શક્તિએ જીવનનું આયોજન કર્યું છે; એની એકેએક રેખાના વંક અર્થપૂર્ણ છે. નામી અને અનામી અનેક શિલ્પીઓએ આ સ્થાપત્ય ઊભું કર્યું છે ને એમાં અદૃશ્ય હસ્તો એક અદૃશ્યને આજ્ઞાધીન રહી કામે લાગેલા છે: એ મોટા મોટા શિલ્પીઓમાં સૌથી મોટી છે સાવિત્રી.

રાણી! ગૂઢ સંકલ્પને બદલી નાંખવાને મિથ્યા મથતી નહિ. કાળમાં થતા અકસ્માતો એ વિરાટ યોજનામાં પગથિયાં બનેલા છે. પ્રભુના સંકલ્પની સાથે જે પોતાના સંકલ્પને એક બનાવી જાણે છે તેના અગાધ હૃદયની અલૌકિક ક્ષણની આડે આવતી નહિ. એ પોતે જ પોતાના વિદ્વેષી ભાગ્યવિધાનનો ભેટો કરવાને સમર્થ છે. એના નીરવ આત્મસંકલ્પમાં અદ્ભુત બળ છે; એનો આત્માર્પણનો ઉત્કટ ભાવ અજોડ છે. અખિલ બ્રહ્માંડ સામે, ભારે ભાગ્યનિર્માણ સામે એ એકલીનું મહાબળ ઊભું છે ને કોઈ મનુષ્યની કે દેવની સહાય માટે એ યાચના કરતું નથી. કોઈવાર એક જીવનને સારી સૃષ્ટિનું સૌભાગ્ય સોંપાયું હોય છે. કાળ-જાયાં બળોની મદદ માટે એ પોકારતું નથી. એ પોતે જ પોતાના પ્રૌઢ કાર્ય માટે પર્યાપ્ત હોય છે. એકલા ઊભેલા મહાન આત્માઓ બલિષ્ઠમાં બલિષ્ઠ બની ગયેલા હોય છે. પ્રભુનું બળ એમનામાં પ્રકટેલું હોય છે. પરમાત્માનો પરમ પ્રકાશ એમને માર્ગદર્શન આપે છે. જે આત્મા એક આત્મસ્વરૂપમાં જ રહેતો હોય છે તેને પ્રભુનો ભેટો થાય છે.

એક એવો સમય પણ આવશે કે જ્યારે સાવિત્રી અન્ય કોઈની સહાય વગર

કેવળ એકલી જ ઊભી રહેશે. આખા વિશ્વનું ભવિષ્ય, આખી માનવ જાતિની આશા એના એકલા પડેલા હૃદયમાં આશ્રય પામ્યાં હશે. એક આખરી કિનાર પર સાક્ષાત્ યમ સામે એને ઊભા રહેવું પડશે અને કાં તો મહાવિજય કે કાં તો મહાવિનાશ, કાં તો મૃત્યુ કે કાં તો પ્રભુ કેવળ એની પાસે હશે. નહિ કોઈ મનુષ્ય કે નહિ કોઈ કવચધારી દેદીપ્યમાન દેવ તે સમયે એને સહાય કરી શકે. એ એકલી જ પોતાને બચાવી શકશે. માટે સ્વર્ગો પ્રત્યે પોકાર પાઠવતી નહિ. ચિત્ શકિતનો સંકલ્પ સાવિત્રીને સ્વરૂપે પ્રકટ થયો છે. એ જાતને તેમ જ જગતને એક સાથે સંરક્ષશે.

રાણી! આ મહાસંઘર્ષમાંથી પાછી હઠીને આઘી ઊભી રહે. સાવિત્રીની ને એના ભાગ્યની ઘડીની આડે આવતી નહિ. એને એના ઈશ્વરદત્ત કાર્યમાંથી પાછી વાળવાનો વિચાર છોડી દે. આ મહાસંગ્રામમાં તારે માટે સ્થાન નથી. તારો સ્નેહ અને તારો અભિલાષ અહીં નિર્ણયક નથી. ભુવનોના ભાવિને ને તારી સાવિત્રીને પ્રભુની સંભાળમાં સોંપી દે. દેવદેવ એને છોડી દેતો દેખાય, બધુંય ડામાડોળ થઈ જાય, કડકભૂસ કરતું પડી જાય, અંત માત્ર આવેલો દેખાય, હારી જવાય, ને માત્ર મૃત્યુ ને મહારાત્રિ જ રહ્યાં હોય તોય ચિંતા નહિ; સાવિત્રીની અંદર પ્રભુનું આપેલું મહાબલ છે ને એ સર્વનાશ સામે સંગ્રામ માંડશે. સાવિત્રીને એના સર્વસમર્થ આત્માની ને અદૃષ્ટની ઉપર છોડી દે."

આટલું કહી નારદજી ઊભા થયા ને આ દુ:ખની દુનિયાથી દૂર ઊર્ધ્વના પોતાના પરમાનંદના ધામમાં જવા આરોહ્યા. ઊંચે તકાયેલું કોઈ તેજસ્વી તીર જાય તેમ એમનું જ્યોતિર્મય શરીર અદૃશ્ય થઈ જતા તારાની માફક અદૃશ્યમાં અંતર્લીન થઈ ગયું. પરંતુ એમનું અમર પ્રેમનું ગાન તો એમની પાછળ ક્યાંય સુધી પૃથ્વી પર ધ્વનિત-પ્રતિધ્વનિત થતું રહ્યું.

છઠ્ઠું પર્વ સમાપ્ત